લખનૌ બેઠક માટે ભાજપમાં ભારે ખેંચતાણ

નવી દિલ્હી,તા.૧૦

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની વારાણસીમાંથી ઉમેદવારીને લઈને મુરલી મનોહર જોશીને લઈને વિખવાદ શાંત થયા બાદ હવે લખનૌ બેઠકને લઈને નવો વિવાદ ઊભો થઈ ગયો છે. લખનૌમાંથી વર્તમાન સાંસદ લાલજી ટંડને કહ્યું છે કે તેઓ પોતાની બેઠક માત્ર નરેન્દ્ર મોદી માટે ખાલી કરશે. અહીંથી પક્ષ પ્રમુખ રાજનાથસિંહ ચૂંટણી મેદાનમાં ઉતરવાની યોજના ધરાવે છે. એવી ચર્ચા છે કે રાજનાથસિંહ આ વખતે ગાઝિયાબાદમાંથી ચૂંટણી લડવા ઈચ્છુક નથી. લાલજી ટંડનને આ અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે જો મોદી અહીંથી ચૂંટણી લડશે તો તેમની બેઠક ખાલી કરશે. અન્ય વ્યક્તિ શું ઈચ્છે છે તેમની પાસે માહિતી નથી. અન્ય કોઈની સાથે વાતચીત પણ થઈ નથી. તંડનના આ નિવેદન એવા સમય ઉપર આવ્યા છે જ્યારે મુરલી મનોહર જોશીએ બે દિવસ પહેલા જ ભારે હોબાળો મચાવ્યો હતો. જોશીએ ગઈકાલે જ કહ્યું હતું કે એવો કોઈ નિર્ણય કરવામાં આવશે નહીં જેનાથી વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અથવા તો પાર્ટીને નુકસાન થઈ શકે. એવા સંકેત મળી રહ્યા છે કે મુરલી મનોહર જોશીએ તેમનું વલણ બદલી દીધું છે. આ અગાઉ શનિવારે એવા અહેવાલ આવ્યા હતા કે કેન્દ્રીય ચૂંટણી સમીતિની બેઠકમાં વારાણસી બેઠકને લઈને સ્થિતિ સ્પષ્ટ કરવા જોશીએ પક્ષ પ્રમુખ રાજનાથસિંહને કહ્યું હતું. જોશી ખૂબ જ નારાજ પણ દેખાયા હતા. નારાજગી રજૂ કરીને નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ અને અડવાણીની હાજરીમાં જોશીએ તેમનું વલણ સ્પષ્ટ કર્યું હતું. જોશીના વલણથી હવે લાગી રહ્યું છે કે વારાણસી બેઠકને લઈને તેઓ કોઈ હોબાળો મચાવશે નહીં. મોદી અને તેમના સમર્થકો વચ્ચે કોઈ ખેંચતાણ હોવાનો પણ જોશીએ ગઈકાલે ઈન્કાર કર્યો હતો. જોશીએ કહ્યું હતું કે શિસ્તમાં રહેલા દરેક જવાનની જવાબદારી હોય છે કે તે પાર્ટીની વાત માને. એવા સંકેત સ્પષ્ટ છે કે મુરલી મનોહર જોશી વિવાદને વધારવા ઈચ્છુક નથી. ૧ ઉમી માર્ચના દિવસે કેન્દ્રીય ચૂંટણી સમીતિની બેઠકમાં ભાજપ વારાણસી, લખનૌ અને કાનપુર જેવી બેઠકો માટે પોતાના ઉમેદવારોના નામની જાહેરાત કરશે.

વડાપ્રધાનનું સ્વપ્ન નિતિશને ઉંઘવા દેતું નથી : મોદી

પુર્ણિયા,તા.૧૦

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજે પુર્ણિયાની રેલીમાં બિહારના મુખ્યમંત્રી નિતિશકુમાર, આરજેડીના નેતા લાલુપ્રસાદ યાદવ, ત્રીજા મોરચા અને કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. રેલીમાં મોદીએ નિતિશકુમારના નામનો ઉલ્લેખ કર્યા વગર આક્ષેપ કર્યો હતો કે, કેટલાક લોકોએ વડાપ્રધાન બનવાના સ્વપ્નને પૂર્ણ કરવા માટે બિહારમાં ખૂબ સારી રીતે ચાલી રહેલા ગઠબંધનનો પણ અંત આણિ લીધો હતો. પીએમ બનવાનું સપનું કેટલાક લોકોને ઉંઘવા દેતું નથી. નિતિશના નામનો ઉલ્લેખ કર્યા વગર તેઓએ આ મુજબની વાત કરી હતી. મોદીએ એમપણ કહ્યું હતું કે, ત્રીજા મોરચાવાળા માત્ર ચુંટણીના સમયે નજરે પડે છે. દેશમાં જ્યારે કોઈ કુદરતી હોનારત આવે છે ત્યારે તેમના નેતા નજરે પડતા નથી. મોદીએ સાફ શબ્દોમાં કહ્યુંહતું કે, દેશ ગઠબંધનથી ચાલશે લઠબંધનથી નહીં. આ રેલીમાં મોદીએ સ્પષ્ટરીતે બિહારને ખાસ દરજ્જો આપવાનું વચન આપ્યું નહતું પરંતુ એટલું ચોક્કસપણે કહ્યું હતું કે, ખાસ પેકેજ અને ખાસ ધ્યાન ચોક્કસપણે આપવામાં આવશે. જો તેમની સરકાર બનશે તો બિહાર ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે. મોટી સંખ્યામાં મોદીની રેલીમાં લોકો પહોંચ્યા હતા. પોતાના ભાષણની શરૂઆતમાં મોદીએ મેથીલી ભાષામાં કેટલાક શબ્દો બોલીને ઉપસ્થિત લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. ત્યારબાદ મોદીએ કહ્યું હતું કે, હોળીના પર્વની હવે ઉજવણી કરવામાં આવનાર છે સમગ્ર દેશના લોકો હાલ ભાજપના રંગમાં રંગાયેલા છે. મોદીએ કહ્યું હતું કે, દેશના ઈતિહાસમાં ૨૭મી ઓક્ટોબરની ઘટનાનો ઉલ્લેખ ચોક્કસપણે થશે. તેઓ બોમ્બ બ્લાસ્ટની વાત કરી રહ્યા નથી. તેઓ બિહારના લોકોનો આભાર માને છે. બોમ્બ બ્લાસ્ટ છતાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કોઈ ભાગદોડ થઈ નહતી. દેશ બચાવવા લોકોનો સંકલ્પ દેખાઈ આવે છે. મોદીએ ઉમેર્યું હતું કે, તેઓ એમ માને છે કે, બિહારમાં એનડીએનું ગઠબંધન યોગ્ય રીતે ચાલી રહ્યું હતું. આને કેમ તોડવામાં આવ્યું. કોઈએ કહ્યું છે કે, તેમની એવી ટેવ છે અને વિશ્વાસઘાત કરવાની આદત પડી ગઈ છે. આવા કારનામાથી જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહીયાને કેટલીક પીડા થઈ હશે. તેમના વિચાર એવરેસ્ટથી પણ ઉંચા છે. તેમનું કહેવું છે કે, તેમના સિવાય આ દેશમાં કોઈ પીએમ માટે યોગ્ય ઉમેદવાર નથી. ભાજપના પીએમ પદના ઉમેદવારે ત્રીજા મોરચા પર પ્રહાર કરતા કહ્યું હતું કે, તેમના નેતાઓએ હમેશા કોંગ્રેસને બચાવવાનું કામ કર્યું છે. તેમના તમામ નેતા પીએમ બનવાના વસ્ત્રો સિવડાવી ચુક્યા છે. મોદીએ કહ્યું હતું કે, ચુંટણીના સમયે તેમને લોકો નજરે પડે છે. ગુજરાતમાં ભુકંપ અને આસામમાં રમખાણ થયા ત્યારે તથા ઉત્તરપ્રદેશમાં ૧૫૦થી વધારે રમખાણ થયા ત્યારે ત્રીજા મોરચાના લોકો ક્યાં હતાં. મોદીએ કહ્યું હતું કે, દેશમાં ત્રણ પ્રકારના ગઠબંધન છે જેમાંપ્રથમ એનડીએ ગઠબંધન છે જે અટલબિહારી વાજપેયી જેની શરૂઆત કરી હતી. બીજો ગઠબંધન ભ્રષ્ટ ગઠબંધન છે જેનાથી બિહારની ગાય,ભેંસો પણ ડરે છે. તેમને એવી ચિંતા છે કે, કોંગ્રેસ અને લાલુ ગઠબંધન તેમને ઘાસચારાથી વંચિત કરી દેશે. ત્રીજો ગઠબંધન લાઠીવાળો છે. લાઠીમાં વિશ્વાસ કરનાર લોકો એક મત થયા છે. અમે પ્રગતિશીલ, સ્થિર અને મજબૂત દેશના વિકાસના માટે મેદાનમાં આવ્યા છે. મોદીએ દિલ્હીમાં મૃત અવસ્તામાં રહેલી સરકારને મત ન આપવા લોકોને અપીલ કરી હતી. મોદીએ પોતાના હરીફ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, ગુજરાતને બદનામ કરનાર લોકો ઘણા મુદ્દા ઉઠાવી રહ્યા છે. પરંતુ આક્ષેપો કરવાથી વાસ્તિવકતા બદલાશે નહીં. બિહારના જવાનો દેશને ચલાવી રહ્યા છે. પરંતુ બિહારની પેઢીને બરબાદ કરવાનું કામ નિતિશ સરકાર કરી રહી છે. દેશના ઘણા ભાગોમાં જંગલરાજની સ્થિતિ થઈ ગઈ છે. જેના પર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે તે ગુજરાતમાં ૭૧ ટકા સ્કુલોમાં કોમ્પ્યુટર છે. આવનાર પેઢીની ચિંતા ભાજપને છે.

યુવાઓની અપેક્ષાઓને પૂર્ણ કરવા કોંગ્રેસ કટીબદ્ધ : રાહુલ

ટોન્ક,તા.૧૦

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ આજે રાજસ્થાનના ટોન્ક જિલ્લાના દિઓલી શહેરમાં આકમક ચુંટણી રેલીને સંબોધી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આગામી લોકસભાની ચુંટણીમાં ભાજપને જોરદાર ટક્કર આપવા માટે તેમની પાર્ટી તૈયાર છે. રાજસ્થાનમાં પ્રચાર કરતાં રાહુલે કહ્યું હતું કે, અમે એવા લોકો માટે સરકાર ચલાવી રહ્યા છે જે લોકો જરૂરિયાતવાળા લોકો છે. દરરોજના આધાર ઉપર મજુરી કરતા લોકોનું ધ્યાન રાખવામાં આવશે. કોંગ્રેસના મુખ્ય હરિફ ભાજપની ઝાટકણી કાઢતાં રાહુલે કહ્યું હતું કે, ભાજપ સત્તા ઉપર આવશે તો તે માત્ર અમીર લોકોને જ લાભ આપશે. પરંતુ અમે ગરીબ લોકોને સહાયતા કરી રહ્યા છીએ. અમે ગામોમાં અને માર્ગો ઉપર જઈશું, શેરીઓમાં જઈશું અને રાજસ્થાનમાં ભાજપ સરકાર સામે લડત ચલાવીશું. યુથકાર્ડ રમતાં રાહુલે કહ્યું હતું કે, વિધાનસભાની ચુંટણીમાં અમે હારી ગયા બાદ યુવાઓની અપેક્ષાને પૂર્ણ કરવા તથા તેમની વાતને સાંભળવા માટે હવે પીસીસીના પ્રમુખ તરીકે યુવાની નિમણુંક કરી છે. રાજસ્થાન માટે કોંગ્રેસના વિકાસ એજેન્ડાની વાત કરતાં રાહુલે કહ્યું હતું કે, તેઓ ઈન્ડસ્ટ્રીયલ અને ફેટકોરીડોર બનાવી રહ્યા છે. આનાથી લોકોને ફાયદો થશે. કોંગ્રેસ દિલ્હીથી મુંબઈ, મુંબઈથી ચેન્નાઈ, દિલ્હીથી કોલકાતા સુધી ઔદ્યોગિક કોરીડોર ધરાવે છે. આનાથી લાખો લોકોને રોજગારી મળશે.

રાહુલે એમપણ કહ્યું હતું કે, વધુને વધુ લોકો આઈઆઈટી અને યુનિવર્સિટીમાં પહોંચે તેમ અમે ઈચ્છીએ છીએ. રાહુલ ગાંધીએ દરેક ચુંટણીમાં નવા ચહેરા લાવવાનું વચન આપ્યું હતું. લોકસભા અને વિધાનસભામાં નવા ચહેરાઓને લવાશે. કોંગ્રેસે ગયા વર્ષે ડિસેમ્બરમાં રાજસ્થાનમાં વિધાનસભાની ચુંટણીમાં હારનો સામનો કર્યો હતો.

તાજેતરમાં શ્રીનગર ખાતે થયેલી બરફવર્ષાને કારણે મુગલ ગાર્ડનમાં બરફ ની ચાદર છવાયેલી છે. જેને સહેલાણીઓએ મન ભરીને માણી હતી અને બરફવર્ષાનો આનંદ લૂંટયો હતો.

મનીષ તિવારીએ કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રશ્નો ઉઠાવતાં ચકચાર

નવી દિલ્હી,તા.૧૦

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન તથા કોંગ્રેસના વરીષ્ઠ નેતા મનીષ તિવારીએ પક્ષ દ્વારા કલંકિત નેતાઓને ટીકીટ આપવા સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. એક ટીવી ચેનલ સાથેની વાતચીતમાં મનીષ તિવારીએ કહ્યું છે કે, પહેલા કલંકિત નેતાઓને ક્લીનચીટ મળવી જોઈએ. ત્યારબાદ જ તેમની ટીકીટ આપવા વિચારણા થવી જોઈએ. મનીષ તિવારીનું કહેવું છે કે સેદ્ધાંતિક રીતે ટીકીટ આપવાના નિર્ણય ઉપર ફેરવિચારણા કરવી જોઈએ.મનીષ તિવારીએ કલંકિત સભ્યોના મામલે કઠોર વલણ અપનાવવા પક્ષને અપીલ કરી હતી. એવી ચર્ચા છે કે, કોમનવેલ્થ કૌભાંડના આરોપી સુરેશ કલમાડી, મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને આદર્શ કૌભાંડના આરોપી અશોક ચૌહાણ અને અધિકારીના પ્રમોશન માટે લાંચ લેવાના આરોપમાં મુશ્કેલીનો સામનો કરી રહેલા પવન બંસલને ટીકીટ આપવામાં આવી શકે છે. આ સંદર્ભમાં મનીષ તિવારીએ કહ્યું હતું કે, જ્યારે નેતાઓ પરથી આરોપ દુર થઈ જાય ત્યારે આ સભ્યો પરત આવવા જોઈએ. પરંતુ પાર્ટીએ આ મુદ્દા પર યોગ્ય વલણ અપનાવવું જોઈએ.

અમરસિંહ-જયાપ્રદા અજીત સિંહની પાર્ટીમાં

સમાજવાદી પાર્ટીના ભુતપૂર્વ નેતા અમરસિંહ અને અભિનેત્રી જયાપ્રદા આજે અજીતસિંહની પાર્ટી રાષ્ટ્રીય લોકદળમાં જોડાઈ ગયા હતા. આની સાથે જ જયાપ્રદા કોંગ્રેસ પાર્ટીમાં જોડાશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત

આવી ગયો હતો. નવી દિલ્હીમાં પત્રકાર પરિષદ દરમિયાન આરએલડીના વડા અજીતસિંહે કહ્યું હતું કે, તેઓ અમરસિંહ અને જયાપ્રદાનું અમારી પાર્ટીમાં સ્વાગત કરે છે. અમરસિંહ આગામી લોકસભાની ચુંટણીમાં ફતેહપુર સિકરીમાંથી ચુંટણી લડશે. આરએલડીમાં જોડાઈ ગયા બાદ અમરસિંહ ઉત્તરપ્રદેશના વિભાજન માટેની માંગણી ઉઠાવી હતી. ઉત્તરપ્રદેશમાં વિકાસની પ્રક્રિયા ઉત્તરપ્રદેશના વિભાજન વગર શક્ય નથી તેવી રજુઆત અમરસિંહે કરી હતી. વિકાસ ખૂબ મહત્વપૂર્ણ બાબત છે તેમ અમરસિંહે કહ્યું હતું.

સાંસદો-ધારાસભ્યોના કેસોમાં એક વર્ષમાં ફેંસલો કરવા હુકમ

નવી દિલ્હી,તા.૧૦

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે સાંસદો અને ધારાસભ્યોને આવરી લેતા કેસોમાં ટ્રાયલ માટે એક વર્ષની મેહતલ નક્કી કરી છે. સુપ્રીમ કોર્ટે સાંસદો અને ધારાસભ્યો સામેની ટ્રાયલને ઝડપથી પૂર્ણ કરવાનો આદેશ કર્યો હતો. ભ્રષ્ટાચાર અને ગંભીર પ્રકારના ફોજદારી આરોપોનો સામનો કરી રહેલા સાંસદો સામે હવે ઝડપથી કાર્યવાહી પૂરી કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આદેશ આપતા કહ્યું હતું કે, ટ્રાયલ કોર્ટે આવા કેસોમાં સાંસદો અને ધારાસભ્યોની સામે ટ્રાયલ એક વર્ષની અંદર પૂર્ણ કરી લેવા સુચના આપી છે. તેમની સામે આરોપો ઘડવામાં આવ્યા બાદથી એક વર્ષની અંદર ટ્રાયલ પરિપૂર્ણ કરી લેવામાં આવશે. ટોચની અદાલતે કહ્યું હતું કે જો ટ્રાયલ કોર્ટ એક વર્ષની અંદર ટ્રાયલ પરિપૂર્ણ કરી શકશે નહીં તો સંબંધિત ચીફ જસ્ટીસ સમક્ષ આના માટેના કારણો આપવા પડશે. હાઈકોર્ટ સમક્ષ આનો ખુલાસો કરવો પડશે. જસ્ટીસ આરએમ લોધાના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જે ટ્રાયલ માટે ગુના અંગેની કાર્યવાહી એક વર્ષમાં પૂર્ણ કરી લેવાશે તેની નોંધ લેવાશે. લોકપ્રતિનિધિત્વ ધારાની કલમ-૮(૧), ૮(૨) અને ૮(૩) હેઠળ ઉલ્લેખ કરવામાં આવેલી જોગવાઈ મુજબ સમગ્ર પ્રક્રિયા આગળ વધશે. રાજકારણના અપરાધિકરણને રોકવાના સંદર્ભમાં દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજી પર સુનાવણી ચલાવતી વેળા આ મુજબનો આદેશ આપવામાં આવ્યો હતો. તેના અહેવાલમાં કાયદા પંચે કહ્યું હતું કે, અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ અને બે વર્ષથી વધુની સજા થઈ ગયા બાદ ગેરલાયક ઠેરવવાની બાબત ખૂબ મહત્વની છે. ટ્રાયલમાં લાંબા વિલંબના લીધે ગેરલાયક ઠેરવવાની બાબત બિનઅસરકારક બની જાય છે. કમિશને કહ્યું છે કે, સાંસદો અને ધારાસભ્યો સામે ધ્રુણાસ્પદ ગુનાઓમાં ચાર્જશીટ દાખલ કરવાની બાબત તેમને ગેરલાયક ઠેરવવા માટે યોગ્ય મંચ રહેશે નહીં. જોકે કાયદા પંચે કહ્યું છે કે, સાંસદો અને ધારાસભ્યોને ગેરલાયક ઠેરવી શકાય છે. પરંતુ તેમની સામે ટ્રાયલ કોર્ટે આરોપો ઘડેલા હશે તો જ આ બાબત યોગ્ય રહેશે.સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે, એક વર્ષની અંદર સુનાવણી પરિપૂર્ણ નહીં થવાની સ્થિતિમાં આપવામાં આવેલા કારણથી જો વડી અદાલત સંતુષ્ટ થાય છે તો તેની મર્યાદા વધારી શકાય છે. પીઠે કહ્યું છે કે, સાંસદો સાથે સંકળાયેલા તમામ મામલાની સુનાવણી ઝડપી બનાવવા દરરોજના આધાર ઉપર કાર્યવાહી થવી જોઈએ.

સુપ્રીમ કોર્ટના આજના ચુકાદાને લઈને કાયદાકીય નિષ્ણાંતોમાં પણ ભારે ચર્ચા છે. મોટાભાગના નિષ્ણાંતોનો અભિપ્રાય છે કે સુપ્રીમ કોર્ટે બિલકુલ યોગ્ય નિર્ણય અને આદેશ કર્યો છે આનાથી ગંભીર કેસોમાં ઝડપથી તપાસ આગળ વધી શકશે અને ચુકાદા ઝડપથી આવશે

આપ દ્વારા ઉમેદવારોની ચોથી યાદી જારી

નવી દિલ્હી,તા.૧૦

આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની ચોથી યાદી આજે જારી કરવામાં આવી હતી. ૬૦ લોકસભાની બેઠક માટે ઉમેદવારોની આ યાદી જાહેર કરવામાં આવી હતી. આ યાદીમાં ઈન્ફોસીસના ભૂતપૂર્વ સીએફઓ બાલાકૃષ્ણનના નામનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. બાલાકૃષ્ણન બેંગ્લોર સેન્ટ્રલમાંથી ચુંટણી લડશે. જ્યારે પત્રકાર આશીષ ખેતાન નવી દિલ્હી મત વિસ્તારમાંથી ચુંટણી લડશે. એએપી દ્વારા ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરવામાં આવ્યા બાદ ભારે હોબાળો રહ્યો છે. આમ આદમી પાર્ટીએ દક્ષિણ દિલ્હી સીટથી સેનાના નિવૃત અધિકારીને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. નવી યાદીમાં ઉત્તરપ્રદેશના ૩૮, કર્ણાટકના ૧૩, હરિયાણાના ચાર, પંજાબના ત્રણ, દિલ્હીના બે ઉમેદવારો જાહેર કરાયા છે. આજની યાદીમાં ગુજરાતમાંથી કોઈ જગ્યાએથી ઉમેદવારના નામ જાહેરકરવામાં આવ્યા નથી. સાઉથ દિલ્હી બેઠક પરથી કરનલ દેવેન્દ્ર સહેરાવત મેદાનમાં ઉતરશે. ચુંટણીમાં હરીફ પક્ષોને વધુ વિચારવાની તક પણ એએપી દ્વારા આપવામાં આવી છે. એએપીના ઉમેદવારોમાં કોઈ મોટા માથા નથી. પરંતુ યોજના પૂર્વક ઉમેદવારો ઉતારવામાં આવી રહ્યા છે. એએપીની યાદીમાં રહેલા ઉમેદવારોના સંદર્ભમાં વધારે માહિતી અપાઈ નથી. કાનપુરમાંથી મહેમુદ હુસૈનને ટિકિટ આપવામાં આવી છે. જ્યારે મેરઠમાંથી હિમાંશુસિંહને ટિકિટ આપવામાં આવી છે. ઝાંસીમાંથી અર્ચના ગુપ્તા ચુંટણી લડશે. ઉત્તરપ્રદેશમાંથી મુસ્લિમ ઉમેદવારોને પણ ટિકિટ આપવામાં આવી છે. ઉત્તરપ્રદેશની ઘણી બેઠક માટે ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે. લખિનપુરમાંથી ઈલ્યાઝ આઝમી મેદાનમાં ઉતરશે.

કેજરીવાલના તમામ આક્ષેપ બિલકુલ ખોટા : અદાણી ગ્રૂપ

નવી દિલ્હી,તા.૧૦

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી દ્વારા અદાણી ગ્રૂપને ફાયદો પહોંચાડવાના એએપીના નેતા અરવિંદ કેજરીવાલના તમામ આરોપોને આ ગ્રૂપે ફગાવી દીધા છે અને કહ્યું છે કે કેજરીવાલના તમામ આક્ષેપ બિલકુલ આધાર વગરના અને ગેરમાર્ગે દોરનારા છે. એબીપી ન્યૂઝને મોકલવામાં આવેલા જવાબમાં અદાણી ગ્રૂપે પોતાના ઉપર મોકલવામાં આવેલા તમામ આક્ષેપોને ખોટા અને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા છે. અદાણી ગ્રૂપે આમ આદમી પાર્ટી દ્વારા તેના ઉપર મૂકવામાં આવી રહેલા આક્ષેપો અંગે પ્રથમ વખત પ્રતિક્રિયા આપી છે. અદાણી ગ્રૂપે કહ્યું છે કે તેમનું કામ માત્ર ગુજરાતમાં જ નહીં બલ્કે મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં પણ છે. જ્યાં પણ કંપનીનું કામ છે તેની સરકાર તેમની મદદ કરે છે. કોઈપણ પાર્ટીની સરકારની સ્થિતમાં પણ તેમની મદદ કરવામાં આવે છે. કેજરીવાલે ગુજરાતના મુખ્યમંત્રી ઉપર રાહતો આપવાનો આક્ષેપ કર્યો હતો. કેજરીવાલના તમામ આક્ષેપોને ખોટા ગણાવીને અદાણી ગ્રૂપે કહ્યું છે કે ગુજરાતમાં તમામ જમીનો નિયમો હેઠળ જ મળી છે જેથી આ પ્રકારના બિનજરૂરી આક્ષેપો તેમની કંપનીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડે છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે આમ આદમી પાર્ટીના નેતા દ્વારા વારંવાર અદાણી અને અંબાણી સાથે મોદીના સંબંધોને લઈને મુદ્દો ઉઠાવી રહ્યા છે આવી સ્થિતિમાં પ્રથમ વખત અદાણી ગ્રૂપે ખુલાસો કરીને સ્થિતિ સ્પષ્ટ કરી છે. આનાથી કેજરીવાલની પાર્ટીને ખુલ્લી પાડવામાં મદદ મળશે.

મોંઘેરા મોતી... (પાના નં.૪થાનું ચાલુ)

તેમનો 'ઉત્સાહ' અને અણથક લેખન પ્રવૃત્તિ. આજ સુધીમાં તેમના ૨૭ જેટલાં પુસ્તકો પ્રગટ થઇ ચૂક્યાં છે.

વિવિધ કાવ્ય પ્રકારો તેમણે અજમાવ્યા છે. પદ્ય રચનાઓમાં છંદો પર તેમનું પ્રભુત્વ જણાઇ આવે છે. પુષ્ટિ સંપ્રદાય પ્રત્યેનાં સમર્પણ ભાવથી તેમણે વિવિધ કાવ્યો રચ્યાં છે.

સાહિત્ય ક્ષેત્રે હાસ્ય લેખક તરીકે પ્રવેશ કરનાર ગાંધીનાં ત્રણ હાસ્યકથા સંગ્રહો તથા એક હાસ્યએકાંકી સંગ્રહ પ્રકાશિત થયા છે. (તેમના એક હાસ્યકથા સંગ્રહ 'કરમની કઠણાઇ' માટે ગુજરાત સાહિત્ય અકાદમીનું પારિતોષિક વર્ષ ૨૦૦૩માં મળેલું.)

અલબત્ત પદ્યરચના અને છંદોલય પરત્વે તેમનું જેટલું ધ્યાન રહ્યું છે. તેટલું ભાષાકર્મ વિશે નથી રહ્યું તેથી ઘણીકવાર કાવ્યો એક સરખાં જ હોય તેવું લાગે. સાંપ્રદાયિક રચનાઓમાં પણ કવિતા સિદ્ધ થઇ જશે જેના પ્રમાણરૂપે આપણે દયારામને તુર્ત જ યાદ કરી શકીં, એવી કવિતાના પ્રવાહને કાંઠે બેસી તેમને આવકારીએ.

જૂનાગઢના આ કવિશ્રીની ઇચ્છાને પણ જાણીએ :

'યોગાનુયોગ કવીન્દ્ર રવીન્દ્રનાથ ટાગોરનું આ સાઇશતાબ્દી વર્ષ છે. એમનાં અંગ્રેજી અછાંદસ ઊર્મિકાવ્યોનાં સંગ્રહ 'ધ ગાર્ડનર' ની ૮૫ ગદ્ય રચનાઓનાં હું ગુજરાતીમાં છંદોબદ્ધ કાવ્યોરૂપે ભાવાનુવાદો કરું છું. ('ઉદ્દેશ' માં તંત્રીશ્રી પ્રબોધભાઇ જોશીએ સમુલ્લેખ કર્યો છે.) હવે જ્યારે આ 'સુષુમણા' સોનેટવાળા પ્રકાશિત થાય છે, ત્યારે 'ધી ગાર્ડનર'ની કેટલીક કૃતિઓનાં સોનેટ રૂપાંતરણ કરી આ સંગ્રહમાં પ્રકાશિત કર્યાં છે. તદુપદાંત પ્રા. ડો. પ્રસાદભાઇ બ્રહ્મભટ્ટ સાહેબે એમની સાપ્તાહિક કોલમ 'ગીતાંજલિ ગુંજન' માં હાલ કવીન્દ્રનાં ગીતાંજલિ કાવ્યોનાં અછાંદસ ગુજરાતી અનુવાદો સાથે રસદર્શન કરાવે છે તે પરથી સોનેટ રૂપાંતરણો આ સંગ્રહમાં પ્રગટ કર્યાં છે. શેષ ભગવદ્ કૃપા/ભગવદીચ્છા...'

કવિ જયંત ગાંધીનો ફોન નં. (૦૨૮૫) ૨૬૭૦૨૯૯ છે.

સમાચાર ઝલક

- **મહારાષ્ટ્રનાં ઔરંગાબાદમાં વાતાવરણમાં પલટાથી કેસર કેરીનાં પાકને ગંભીર અસર.**
- **રાજસ્થાનમાં રાહુલ ગાંધીની રેલીમાં ભાગદોડ થતાં કેટલીક વ્યક્તિઓને ઇજા.**
- **બીગ બી અમિતાભ બચ્ચનની તબિયત નાદુરસ્ત હોવાથી વડોદરામાં 'ખુશ્બુ ગુજરાત કી' એડ ફિલ્મનું શુટીંગ રદ્દ થયું.**
- **અમદાવાદમાં સેંટ ઝેવિયર્સ કોલેજનાં ચોકીદાર પર હુમલો થયો.**
- **શેરબજારમાં સતત સુધારા તરફ વધી રહ્યું છે.**
- **બિહારમાં બોધ્ધગયા મંદિર તથા વિષ્ણુ મંદિરને આતંકવાદીઓ તરફથી ધમકી મળી.**
- **ઉત્તર ભારતમાં કમોસમી વરસાદ, જમ્મુમાં બરફવર્ષાથી હાઇવે બંધ.**
- **'આપ' પાર્ટી પર આચાર સંહિતા ભંગ બદલ ચૂંટણીપંચ કડલ વલણ દાખવશે.**
- **ઉત્તરપ્રદેશમાં અખિલેશ યાદવ સરકારનાં બે મંત્રીઓને પડતાં મુકવામાં આવ્યાં.**
- **ઇરાકમાં બોંબ વિસ્ફોટથી ૪૨ વ્યક્તિઓનાં મોત.**
- **ગૂગલને ભારે દંડ થવાની શક્યતા.**
- **દેશભરમાં કસ્ટમ વેરાનાં વિરોધમાં સોની બજારોએ બંધ પાળ્યો.**
- **સંસદસભ્યો, ધારાસભ્યોનાં કેસોનો એક વર્ષમાં સુનવણી પુરી કરવાં સુપ્રીમકોર્ટનો આદેશ.**
- **અમદાવાદમાં ૪ મહિલા ચોરને કાઇમ બ્રાન્ચે ઝડપી.**
- **રાષ્ટ્રીય લોક દળ (આર.એલ.ડી) માં જોડાતા અમરસિંહ અને જયાપ્રદા.**
- **બોટાદમાં જિલ્લા પોલીસવડાની કચેરીમાં આરોપીનું મોત થયું.**